# ભારતમાં સહકારી દૂધ ઉત્પાદક મંડળીનો ઉદ્દભવ અને વિકાસ

પુષ્પા આર. ચૌધરી

## ૧. પ્રસ્તાવના

ભારતમાં ડેરી ઉધોગની શરૂઆત ખાનગીક્ષેત્ર ધ્વારા ઓગણીસમી સદીમાં થઈ ત્યાર પછી વીસમી સદીમાં સહકારી ડેરી ઉધોગની શરૂઆત થઈ અમુલ ડેરી પેટર્ન પ્રમાણે સમગ્ર દેશના ૨૦૦ જિલ્લાઓમાં આજે સહકારી ધોરણે ડેરીઓ કામ કરતી થઈ છે. દેશના ૧ લાખ કરતા પણ વધારે ગામડાંઓમાંથી ૧૦ હજાર થી પણ વધુ દૂધ માર્ગો (રૂટ) ધ્વારા સંઘો પર દૂધ પહોચતું કરી તેના પર પ્રક્રિયા થઈ આશરે ૮૦૦ જેટલા નાના મોટા શહેરોમાં રોજ દૂધ વેચાણ માટે જાય છે. આ સિધ્ધી સહકારી ડેરી ઉધોગની શાખ પૂરે છે. આમ છતાં પણ દેશના કુલ વેચાણ આવક દૂધના જથ્થામાંથી સહકારી ક્ષેત્ર ધ્વારા માત્ર ૧.૫ ટકા દૂધનું સંપાદન થાય છે. જે બતાવે છે કે હજુ પણ આ દિશામાં પ્રગતી કરી શકાય એમ છે.

## ૨. ઐતિહાસિક દષ્ટિબિંદુ

લગભગ ૫૦૦૦ થી ૬૦૦૦ વર્ષ પહેલા દૂધ અને તેની બનાવટો ભારતમાં વપરાતી હતી. બાઈબલે પણ પ્રતિશ્રુતાભૂતીને દૂધ અને મધથી સભર ભૂમિ તરીકે વર્ણવી  છે. ૨૩૦૦ વર્ષ પહેલાં ગતિ વૈદ હિપોક્રેટસ દૂધની ઔષધ તરીકે વર્ણવી છે. ૨૩૦૦ વર્ષ પહેલાં ગતિ વૈદ હિપોક્રેટસ દૂધની ઔષધ તરીકે ભલામણ કરી હતી. ઐતિહાસિક દ્રષ્ટિએ શક્ય છે કે દૂધની વપરાશ મહદ્અંશે ઊંચા વર્ગના લોકો પૂરતો સિમિત હતો. અને ધાર્મિક વિધીઓમાં વાપરવા સિવાય વિશેષ તેનો ઉપયોગ થતો ન હતો.

ભારતમાં આયોજન કાળ દરમ્યાન ડેરી વિકાસ વેગ પકડ્યો છે. ૧૯૬૫ માં “યૂનો” ની અન્ન અને કૃષિ સંસ્થાના સહયોગથી ભારત સરકારે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડની સ્થાપના કરી જેનો મુખ્ય ઉદ્દેશ ડેરી સ્થાપવા ઈચ્છતી સંસ્થાઓને ટેકનિકલ સહાય પુરી પાડવાનો હતો. ૧૯૭૦ માં ભારત સરકાર અને ઓપરેશન ફ્લડ પ્રોગ્રામના નામે જાણીતા “વલ્ડ ફૂડ પોગ્રામ” વચ્ચે કરાર થયો આ કરાર થી ૨૬ લાખ ટન દૂધનો પાવડર અને ૪૨ હજાર ટન બટર ઓઈલનો જથ્થો પ્રાપ્ત થયો જેના વેચાણ ધ્વારા પાંચ વર્ષના સમયગાળામાં ૮૫ કરોડ રૂપિયા પ્રાપ્ત થયા આ રકમ દિલ્હી, મદ્રાસ, કલકતા અને મુંબઈની ડેરીઓની ક્ષમતા વધારવા પાછળ ખર્ચવામાં આવી “ઓપરેશન ફ્લડ પોગ્રામ” ડેરી વિકાસના એક મહત્વના કાર્યક્રમ તરીકે ચાલુ રહ્યો છે. ઉત્તરભારત અને દક્ષિણભારતના રાજ્ય દૂધની અધિશેષ ધરાવતા રાજ્યો છે. મધ્ય અને પૂર્વના રાજ્યો દૂધના ઉત્પાદન ક્ષેત્રે ઘણા પાછળ છે. ભારતના તમામ રાજ્યોની સરખામણીએ ઉત્તરપ્રદેશ પંજાબ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાત આ છ રાજ્ય દૂધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર છે. દૂધના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં આ છે. રાજ્યોનો હિસ્સો નોંધપાત્ર છે. જેમાં મુખ્ય દૂધ ઉત્પાદક રાજ્યોમાં ગુજરાત અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.

## ૩. ભારતમાં દૂધ ઉત્પાદન તથા માથાદીઠ દૂધની પ્રાપ્યતા

આયોજન કાળથી લઈને અત્યાર સુધીમાં દેશમાં દૂધ ઉત્પાદનનું પ્રમાણ પાંચ ગણાથી પણ વધુ છે. જ્યારે માથાદીઠ દૂધ પ્રાપ્યતા માંડ બમણાથી થોડું ઓછું પ્રમાણ વધ્યું છે. નીચેના કોષ્ટકમાં વિગત આપેલી છે.

**ભારતમાં દૂધ ઉત્પાદન અને માથાદીઠ દૂધ પ્રાપ્યતા દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વર્ષ | દૂધ ઉત્પાદન (લાખ ટનમાં) | ટકા | માથાદીઠ પ્રાપ્યતા | દૂધની (ગ્રામ /દિવસ) |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૫૦-૫૧ | ૧૭૦ | ૨.૯૬ | ૧૨૪ | ૧૨૪ |
| ૨ | ૧૯૬૦-૬૧ | ૨૦૦ | ૩.૪૮ | ૧૨૪ | ૧૨૪ |
| ૩ | ૧૯૭૦-૭૧ | ૨૨૦ | ૩.૮૩ | ૧૧૨ | ૧૧૨ |
| ૪ | ૧૯૮૦-૮૧ | ૩૧૬ | ૫.૫૦ | ૧૨૮ | ૧૨૮ |
| ૫ | ૧૯૯૦-૯૧ | ૫૩૯ | ૯.૩૮ | ૧૭૬ | ૧૭૬ |
| ૬ | ૨૦૦૦-૦૧ | ૮૦૬ | ૧૪.૦૨ | ૨૨૦ | ૨૨૦ |
| ૭ | ૨૦૦૧-૦૨ | ૮૪૪ | ૧૪.૬૯ | ૨૨૫ | ૨૨૫ |
| ૮ | ૨૦૦૨-૦૩ | ૮૬૨ | ૧૫.૦૦ | ૨૩૦ | ૨૩૦ |
| ૯ | ૨૦૦૩-૦૪ | ૮૮૧ | ૧૫.૩૩ | ૨૩૧ | ૨૩૧ |
| ૧૦ | ૨૦૦૪-૦૫ | ૯૦૭ | ૧૫.૭૯ | ૨૩૨ | ૨૩૨ |
| **કુલ** | | **૫૭૪૫** | **૧૦૦.૦૦** | | |

ભારતમાં વર્ષ ૧૯૦-૫૧ માં દૂધ ઉત્પાદક ૧૭૦ લાખ ટન હતું જે વધીને ૨૦૦૪-૦૫ માં ૯૦૭ લાખ ટન થયું છે. જે દૂધ ઉત્પાદનમાં વધારો દર્શાવે છે. ભારતમાં ૧૯૫૦-૫૧ માં દૂધ ઉત્પાદન ૨.૯૬ ટકા છે. અને દૂધ પ્રાપ્યતા ૧૨૪ દૈનિક/ગ્રામ છે. જ્યારે ૨૦૦૪-૦૫ માં દૂધ ઉત્પાદન ૧૫.૭૯ અને માથાદીઠ દૂધ પ્રાપ્યતા ૨૩૨ દૈનિક/ગ્રામ છે. જે દૂધના ઉત્પાદનમાં વધારો દર્શાવે છે.

**રાજ્યવાર દૂધ ઉત્પાદન તથા માથાદીઠ દૂધ પ્રાપ્યતા રાજ્યવાર દૂધ ઉત્પાદન તથા માથાદીઠ દૂધ પ્રાપ્યતા દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | રાજ્ય | દૂધ ઉત્પાદન (હજાર ટનમાં) | ટકા | માથાદીઠ દૂધ પ્રાપ્યતા (ગ્રામ/દિવસ) |
|---|---|---|---|---|
| ૧ | ઉત્તરપ્રદેશ | ૧૫૯૪૩ | ૨૨.૩૪ | ૨૫૦ |
| ૨ | પંજાબ | ૮૩૯૧ | ૧૧.૭૬ | ૮૯૮ |
| ૩ | રાજસ્થાન | ૮૦૫૪ | ૧૧.૨૮ | ૩૭૧ |
| ૪ | મધ્યપ્રદેશ | ૫૩૮૮ | ૭.૫૫૫ | ૨૩૩ |
| ૫ | ગુજરાત | ૬૪૨૧ | ૯.૦૦ | ૩૩૦ |
| ૬ | મહારાષ્ટ્ર | ૬૩૭૯ | ૮.૯૪ | ૧૭૨ |
| ૭ | આંધ્રપ્રદેશ | ૬૯૫૯ | ૯.૭૫ | ૨૩૮ |
| ૮ | હરિયાણા | ૫૨૨૧ | ૭.૩૧ | ૬૪૩ |
| ૯ | તમિલનાડુ | ૪૭૫૨ | ૬.૬૬ | ૧૯૮ |
| ૧૦ | કર્ણાટક | ૩૮૫૭ | ૫.૪૦ | ૧૯૦ |
| | **કુલ** | **૭૧૩૬૫** | **૧૦૦.૦૦** | |

ઉપરોક્ત ટેબલમાં રાજ્યવાર ઉત્પાદનમાં ઉત્તરપ્રદેશ પ્રથમ ક્રમે અને ગુજરાત પાંચમા ક્રમે આવે છે. માથાદીઠ દૂધ પ્રાપ્યતા ઉત્તરપ્રદેશમાં ૨૫૦ છે. જ્યારે ગુજરાત રાજ્યની ૩૩૦ છે. રાજ્યવાર દૂધ ઉત્પાદનમાં કર્ણાટકમાં ઓછું દૂધ ઉત્પાદન જોવા મળે છે. ૫.૪૦ ટકા છે. માથાદીઠ દૂધ પ્રાપ્યતામાં પંજાબની ૮૯૮ ગ્રામ / દિવસની છે.

### ૪. દૂધ-પેદાશોની નિકાસો

ભારત વિશ્વમાં સૌથી વધુ દૂધ-ઉત્પાદન કરતો દેશ બન્યો છે. તેની સાથે-સાથે વસ્તી વધવાની પ્રક્રિયા પણ ચાલુ છે. તેથી માથાદીઠ દૂધ પ્રાપ્યતા ઓછી આવે છે. આમ છતા ભારત દૂધની બનાવટોની વિદેશોમાં નિકાસ કરે છે. નીચેના કોષ્ટકમાં તેની વિગત રજૂ કરી છે.

### ૫. દૂધ-પેદાશોની નિકાસો (મિલિયન અમેરિકન ડોલર)

| ક્રમ | વર્ષ | રકમ | નિરપેક્ષ વધારો | સાપેક્ષ વધારો |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૯-૨૦૦૦ | ૧૩.૫૬ | - | - |
| ૨ | ૨૦૦૦-૦૧ | ૨૩.૭૫ | ૧૦.૧૬ | ૭૪.૯૩ |
| ૩ | ૨૦૦૧-૦૨ | ૪૩.૭૪ | ૨૦.૦૨ | ૮૪.૪૦ |
| ૪ | ૨૦૦૨-૦૩ | ૩૬.૫૩ | -૦૭.૨૧ | -૧૬.૪૮ |
| ૫ | ૨૦૦૩-૦૪ | ૩૫.૧૮ | -૦૧.૩૫ | -૦૩.૭૦ |
| ૬ | ૨૦૦૪-૦૫ | ૧૦૨.૦૭ | ૬૬.૮૯ | ૧૯૦.૧૪ |
| ૭ | ૨૦૦૫-૦૬ | ૧૭૭.૪૪ | ૭૫.૩૭ | ૭૩.૮૪ |

૧. છેલ્લા સાત વર્ષમાં દૂધ-પેદાશોની નિકાસો બારગણી વધી છે વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં ૧૩.૫૬ મિલિયન અમેરિકન ડોલરની નિકાસો હતી જે વધીને વર્ષ ૨૦૦૫-૦૬માં ૧૭૭.૪૪ મિલિયન અમેરિકન ડોલર થઇ છે.
૧. વર્ષ ૨૦૦૨-૦૩ તથા ૨૦૦૩-૦૪ માં આગલા વર્ષની તુલનાએ નિકાસો ઘટી છે.
૨. આ સમયગાળામાં વાર્ષિક સરેરાશ ચોખ્ખો નિરપેક્ષ વધારો ૨૭.૩૧ મિલિયન ડોલર થયો છે. જ્યારે વાર્ષિક સરેરાશ ચોખ્ખો સાપેક્ષ વધારો ૫૭.૫૯ ટકા રહ્યા છે.

### સંદર્ભ

૨. "ભારતીય અમૂલ ગાથા" રૂથ હરેડિયા વર્ષ ૨૦૦૦
૩. 'અમૂલ પત્રિકા' ૨૦૦૨-૦૩ ગુજરાત કો.ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન આણંદ.
૪. 'ડેરી વિજ્ઞાન' જોષી સી.એમ. યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
૫. "સ્વર્ણિમ દૂધ સાગર ગ્રંથ" પટેલ મણિલાલ.એમ.
૬. "સહકારી ડેરી ઉદ્યોગનો અર્થશાસ્ત્રીય અભ્યાસ" હસમુખ દેસાઇ